


સેક્ટર-૧૬ અંધશાળા ખાતે એક સીંગીંગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. એલ.આઈ.સી.નાં ૫૭માં જન્મદિનની ઉજવણીનાં ભાગરૂપે આયોજિત આ સ્પર્ધામાં ધોરણ-૧ થી ૧૦ કુલ ૩૨ બાળકોએ ભાગ લીધો હતો. પ્રથમ દ્વિતીય અને તૉતીય ક્રમનાં વિજેતાઓને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)



## ઉત્તરાખંડના રાહતફંડમાં સિનિયર સિટિઝન્સ કાઉન્સીલનું માતબર આર્થિક યોગદાન

સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ ગાંધીનગરની ઓગસ્ટ માસની બેઠકમાં વિશ્વગ્રામ સંસ્થાના નિયામક સંજય-તુલા ઉત્તરાખંડની કુદરતી આફતપેટે સીનીયર સીટિઝન્સ કાઉન્સીલ તરફથી રૂપિયા ચાર લાખ જેટલી માતબર રકમનો સ્વૈચ્છિક ફાળો આપેલ છે. જે રૂબરૂમાં સંજય-તુલાને અર્પણ કરવામાં આવેલ છે.

# સે. ૬ ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં ગણેશોત્સવની ભવ્ય ઉજવણી

### લોકડાયરો, ભજનસંધ્યા, રાસ-ગરબા, જાદુના ખેલ તેમજ રમતોત્સવ સહીતના કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૬

સે. ૬ સ્થિત ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં યુવક મંડળ દ્વારા સતત ચોથા વર્ષે ગણેશોત્સવ દરમિયાન લોકડાયરો, સુંદરકાંડના પાઠ, જાદુના ખેલ, રમતોત્સવ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. મોદક આરતીથી હોમાત્મક યજ્ઞ યોજવામાં આવશે.

ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળના જણાવ્યા અનુસાર આગામી તા. ૯ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. ગોંડલ સ્થિત મા ભુવનેશ્વરી શક્તિપીઠનું સ્થાપન ૧૯૪૬માં કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન હાલમાં આચાર્યશ્રી ઘનશ્યામરામજી મહારાજ તેમજ ડૉ. રવિદર્શન કરી રહ્યા છે. જ્યારે ભાવિકોની લાગણીને ધ્યાને લઈ સે. ૬ ખાતે વર્ષ ૧૯૯૧ દરમિયાન એક હજાર મીટર જગ્યા પર મંદિરનો શીલાન્યાસ થયો હતો. જ્યારે વર્ષ ૨૦૦૦માં મહાદેવ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી. સે. ૬ ભુવનેશ્વર મંદિર ખાતે ગણેશોત્સવ અન્વયે સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળના સહયોગથી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. તા. ૯મીએ રાત્રી દરમિયાન લોકડાયરો ત્યારબાદ ૧૦મીએ સુંદરકાંડ, ૧૧મીએ જાદુના ખેલ, ૧૨મીએ આનંદનો ગરબો, તા. ૩ સપ્ટેમ્બરે બાળકો માટે રમતોત્સવ યોજવામાં આવશે. ૧૪મીએ લોકડાયરાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ તબક્કે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આચાર્ય ઘનશ્યામદાસજી, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ ઉપસ્થિત રહેશે. ૧૫મીએ વિક્રમ ઠાકોર દ્વારા હાલ ગરબાનો કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. ૧૬મીએ ભજન સંધ્યા તેમજ ૧૭મીએ ડાન્સ સ્પર્ધા યોજાશે. ૧૮મી મે ગણેશ વિસર્જન સાથે મોદક આહુતીથી હોમાત્મકયજ્ઞ યોજવામાં આવશે. મહોત્સવ દરમિયાન ગોંડલ ભુવનેશ્વરી પીઠના ડૉ. રવિદર્શન, પવિત્ર યાત્રાધામ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, ધારાસભ્ય અશોક પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રી ઉપસ્થિત રહેશે.

## સે. ૨૨માં ગણેશોત્સવ નિમિત્તે ૧૩મીએ હિન્દી ફિલ્મી ગીત-સંગીત સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૬

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા છેલ્લા ૪૪ વર્ષથી ગાંધીનગર ખાતે ગણેશોત્સવ પર્વ ઉજવવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમિતિ દ્વારા ૪૪મો ગણેશોત્સવ, સેક્ટર-૨૨ રંગમંચ, ગાંધીનગર ખાતે સોમવાર, તા. ૯-૯-૨૦૧૩ થી રવિવાર તા. ૧૫-૯-૨૦૧૩ સુધી ઉજવવાનું સમિતિએ આયોજન કરવામાં ાવ્યું છે.

ગણેશોત્સવ દરમ્યાન તા. ૧૩-૯-૨૦૧૩, શુક્રવારના રોજ હિન્દી ફિલ્મી ગીત-સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગેનું ઓડીશન તા. ૮-૯-૨૦૧૩ના રોજ સેક્ટર-૨૨ રંગમંચ ખાતે બપોરના ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ છે તેમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન દ્વારા મુક્તિધામ ખાતે પુષ્પાજલિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૬

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે શહેરના મુક્તિધામમાં સંત શિરોમણી રોહીતદાસજી અને શહીદવીર મેઘમાયાની મૂર્તિઓને 'પુષ્પાંજલિ' અર્પણ કરવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં દલિત ભાઈ-બહેનોએ હાજરી આપી હતી.

પુષ્પાંજલિ કાર્યક્રમ બાદ મુક્તિધામના સભાખંડમાં દલિતભાઈ બહેનોએ સભાનું આયોજન કર્યુ હતુ. જેમાં સંસ્થાના પ્રમુખ ભાનુકાંત પરમારે બંને મહાનુભાવોની મૂર્તિ મુક્તિધામમાં અન્ય સાધુ સંતો શહીદો, દેવદેવીઓ સાથે સ્થાપવા માટે સરકાર સાથે સતત ચાર વર્ષ સુધી કરેલા કાર્યવાહીનો ચિતાર રજુ કર્યો હતો અને સફળતા માટે દલિતજનતાની એકતા જરૂરી હોવાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખો, આત્મારામ પરમાર, સોમચંદ પરમાર, મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' મંત્રીઓ જે.સી. પરમાર, વિરચંદભાઈ પરમાર, પ્રવક્તા દશરથભાઈ, ખજાનચી પાનાચંદ પરમાર, પુરષોત્તમ રાઠોડ હાજર રહ્યા હતા. સક્રિય સભ્યો બુદ્ધીપ્રિય મૈત્રેય, રમણલાલ શ્રીમાળી વિગેરેએ ચાર વર્ષ સુધી સેવા આપી તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## જલારામ સેવા સમાજ ગાંધીનગરની ૧૫મીએ સામાન્ય સભા

ગાંધીનગર, તા.૬

શ્રી જલારામ સેવા સમાજની સામાન્ય સભા આગામી તા. ૧૫ સપ્ટેમ્બરને રવિવાર ભાદરવા સુદ-૧૧ના દિવસે યોજાશે. જેમાં સમાજના દરેક સભ્યોને સમયસર હાજર રહેવા સંસ્થાના મંત્રી જિતન્દ્ર સેજાણીએ જણાવ્યું છે.

## સોમનાથ મહાદેવ ખાતે કેવડાત્રીજની ઉજવણી થશે

ગાંધીનગર સોમનાથ મહાદેવ વ્યવસ્થાપક સમિતિ દ્વારા આગામી કેવડાત્રીજનું વ્રતની ઉજવણી ખુબ જ ધામધૂમપૂર્વક કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે માટે સૌ શિવભક્તોને વિનંતી કરવામાં આવે છે કે તારીખ ૭મી સપ્ટેમ્બરે સાંજ સુધીમાં કેવડાત્રીજની પૂજામાં સહભાગી થવા માટે પોતપોતાના નામ સોમનાથ મહાદેવ મંદિર ખાતે લખાવવા માટે વ્યવસ્થાપક સમિતિ દ્વારા જણાવવામાં આવે છે.

## સેક્ટર-૨-સી શીવકથામાં આજે જ્યોર્તિલીંગ પ્રાગટ્ય

ગાંધીનગર સેક્ટર-૨-સી ખાતે ચાલી રહેલી શિવકથામાં તારીખ ૭ સપ્ટેમ્બરે બપોરે ૨.૩૦ થી ૬ કલાક સુધી ચાલનારી કથામાં ભારતી બાપુના સ્વમુખેથી જ્યોતિલીંગ પ્રાગટ્યની કથા તેમજ રૂદ્રાક્ષ મહાત્મયની કથાનું રસપાન કરાવવામાં આવશે. તેમ શિવકથા સમિતિ દ્વારા નગરજનોને જણાવવામાં આવ્યું છે.

## પોર ગામે રામદેવ પીરનો મેળો યોજાશે

ગાંધીનગર તાલુકાના પોરગામ ખાતે રામદેવપીરના પૌરાણિક મંદિર ખાતે ભાદરવા સુદ-૯ને તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ રામદેવ પીરનો મેળો તથા નેજા ચઢાવવામાં આવશે તેમ ધર્મપ્રેમી ભક્તજનોએ દર્શનનો લાભ લેવા માટે પોર ગામના સરપંચ લીલાબેન બાબુજી ઠાકોર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# દહેગામ જૈન સંઘ મધ્યે પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી

દહેગામ, તા. ૬

દહેગામ ખાતે કલિકુંડ તિર્થો ધારક રાજેન્દ્રસુરિશ્વરજી મહરાજ સાહેબના સમુદાયના પ.પૂ. સાધ્વીજી ભગવંત નદનરેખાજી મહારાજ સાહેબ આદિઠાણા-૪ની શુભ નિશ્રાએ દહેગામ જૈન સંઘમાં પર્યુષણ પર્વ ઉજવાઈ રહ્યો છે. દરરોજ શ્રી મુનીશુવ્રત જીનાલયે શ્રી સ્નાત્રમહોત્સવ, જૈન સમાજ હોલ સાધ્વીજ ભગવંત દ્વારા કલ્પસુત્રનું વાંચન સફળ સંઘ વચ્ચે થઈ રહ્યું છે.

આજરોજ ભગવાન મહાવીર સ્વામી જન્મવાંચનનો પર્વ ખુબજ ઉલ્લાસપૂર્વક ઉજવાયો. ભગવાન મહાવીર સ્વામીજીનું પારણુ દિપકાબહેન પોપટલાલ શાહ હસ્તે વિશાલકુમારે લાભ લીધો. તેમજ મુનિશ્વરજીનાલયે ગુલાબ આદિ પુષ્પોની ભવ્ય અંગ રચના તથા વિવિધ ફળો દ્વારા મહાપૂજન રચવામાં આવી. તથા સંધ્યા સમયે જીનાલયમાં કુમારપાળ રાજા દ્વારા મહાઆરતી તથા ૧૪ લકી ડ્રોથી નવરત્ન ભક્તિ મંડળ દ્વારા રાખવામાં આવેલ છે.

શ્રી દહેગામ જૈન સંઘમાં ૭ વર્ષ, ૮ વર્ષ, ૧૦ વર્ષના બાલુળાઓએ અઠ્ઠાઈ તપની આરાધના કરી છે. સિદ્ધી તથા માસ શ્રવણ, અઠ્ઠાઈ તપ જેવા અનુષ્ઠાન સારી સંખ્યામાં આરાધકો જોડાયા છે. જેઓની બુરી-ભુરી અનુમોદના આવતીકાલે ભગવાન મહાવીરના જન્મ વાંચન નિમિત્તે પાંજરાપોળમાં પશુ તથા ગાયોને શિરાનું ભોજન આપવામાં આવશે.



(તસવીર : નિખીલ પંડ્યા, દહેગામ)

# સાબરમતી નદીમાં શાકભાજીની ખેતીના પાણી માટે સાદરામાં બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક સાદરા મુકામે જક્ષણીમાતાના મંદિરે આવતીકાલ તા. ૮મી સપ્ટેમ્બર ૨૦૧૩ રવિવારના રોજ સવારે ૯ કલાકે સદરા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ખેતી કરતા ખેડૂતની જાણકારી માટે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખેડૂતોના મામલે ખેતી અને પાણી અંગે ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં સરકારને પ્રસ્તાવ કરવામાં આવશે કે પુનઃ સ્થાપિત કરેલા લાકરોડા વિયરમાંથી પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવે છે અને ધરોઈ ડેમથી પેઢામલી સુધી સાબરમતી નદીમાં પાણી છોડવાના લીધે સાબરમતી નદીમાં ખેતી કરતા જમીન વિહોણા ખેડૂતો જેવા કે રાવળ, મૂર્તિપૂજક, હરિજન અને ઠાકોર કોમના લોકોએ ખેતીના પરિણામે અને પાણીની સુવિધા પ્રશ્ના છતા અઢળક ખેત ઉત્પાદનો પેદા કર્યા છે ત્યારે ધરોઈ ડેમમાં હાલ ૫૦ ટકાની સંગ્રહ શકિતએ પહોંચ્યો છે.

જો પાણીનું પ્રમાણ વધશે નહી તો ધરોઈથી શરુ કરી પેઢામલી સુધી સાબરમદી નદીમાં માત્ર એક જ પાક લેવાશે તેથી ખેડૂતો નિરાશ થયા છે તો લાકરોડા વિયર કે જેમાં પુરતું પાણી છે અને યોગ્ય માત્રામાં પાણી લાકરોડા વિયરમાંથી સાબરમતી નદીમાં નાંખવામાં આવે તો લાકરોડાથી શરુ કરી સાદરા અને લેકાવાડા સુધી નદીમાં ખેતી કરતા ખેડૂતો પોતે ખેતી કરી શકશે. નદીમાં લાકરોડાની ટેટી, તડબૂચ અને ખૂબ જ મીઠા શાકભાજી પ્રજાને ઉપલબ્ધ થશે માત્ર દૈનિક રોજ ઉપર કામ કરતા-મજુરી કરતા જમીન વિહોણા ખેડૂતો પોતે પોતાની ખેતી કરી ફરીથી એક સ્વમાની જીંદગી પામશે. જેના અનુસંધાને લોક સેવક ગૌરવ પંડિત અને તેમના સાથીદારો દ્વારા આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

## દહેગામમાં શ્રાવણમાસની પૂર્ણાહૂતિ

દહેગામ શહેર સહિત તાલુકાના શિવાલયોમાં પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહૂતિ નિમિત્તે ભક્તો દ્વારા વિવિધ પૂજા અને આરતીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતા ભાવિકભક્તો દ્વારા મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો અને શ્રાવણ માસની આસ્થાપૂર્વક પૂર્ણાહૂતિ કરી હતી.

શ્રાવણ માસના અંતિમ દિવસ અમાસના રોજ દહેગામ શહેરના હાટકેશ્વર મહાદેવના મંદિર ખાતે બરફના નયન રમ્ય શિવલિંગ બનાવવામાં આવતા સવારથી જ શ્રદ્ધાળુઓ દર્શનાર્થે મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.



## ગાયત્રી શક્તિપીઠ પર કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

ગાંધીનગરમાં મા ગાયત્રીના સાનિધ્યમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પૂજા ડાન્સીંગ કલબના ૪૨ બાળકો-બહેનો દ્વારા રાધાકૃષ્ણ આધારિક નૃત્યનાટિકા, ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. માધ્યમિક શાળા સેકટર-૮ના વિદ્યાર્થીઓ દ્વારા અચ્યુજીત કેશવમ નૃત્ય સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું. રાત્રે મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો. કૃષ્ણ જન્મનો મોટા સમુદાયે લાભ લીધો. ભાગલેનાર સર્વને પુરસ્કાર સન્માનવામાં આવ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૫૧

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૯૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૯.૦૦, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

: સ્કીન-૩ :
જંજીર : ૯.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫,
સત્યાગ્રહ : ૯.૩૦

: સ્કીન-૪ :
જંજીર : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
સત્યાગ્રહ ૧.૧૫, ૪.૧૫

### સૂર્યા, વાવોલ

જંજીર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
જંજીર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૮.૩૦, ૧૦.૪૫
રિદીસ્ક : ૩.૪૫
શુદ્ધ દેશી રોમાન્સ : ૬.૦૦

: સ્કીન-૨ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૧૫, ૮.૧૫, ૧૦.૩૦
રિદીસ્ક : ૧૨.૩૦
જંજીર : ૩.૦૦, ૫.૪૫

: સ્કીન-૩ :
રિદીસ્ક : ૯.૩૦, ૧૧.૦૦
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૨.૦૦, ૨.૩૦
સત્યાગ્રહ : ૫.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

જંજીર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : માનસિક સંતોષ, પ્રસન્નતા રહેશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : આર્થિક સ્થિતિ સુધરશે. સામાજિક યશ વધશે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : કુટુંબમાં શાંતિ બની રહેશે. સત્સંગ થશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. ક્રિષ્નાબેન ગોવિંદભાઈ પટેલ(ઉ.વ. ૫૨) મુ.પો. દેલવાડા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ચંચીબેન ચૂંથાભાઈ દેસાઈ (ઉ.વ. ૭૦) મુ.પો. હાલીસા, તા.દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. નંગાજી દલાજી વણજારા(ઉ.વ. ૫૫) નવાપરા, મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.